અપીલ અરજી નં.૩૭/૦૮–૦૯ તા. ૧૫–૫–૦૮

અરજદારઃ શ્રી ડી.સી.ભટ્ટ
સામાવાળાઃકાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન
ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

***હુકમઃ–***

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી.સી.ભટ્ટની તા.૨૭–૩–૦૮ ની અરજીથી મોજે સોનારી રે.સ.નં.૪૧ જુનાં રે.સ. નં.૩૬ વાળી જમીન પર ડીમોલીશન દુર કર્યા બાબતે મુદ્દા નં.એ થી સી ની માહિતી આપવા.
સંદર્ભેઃ–અરજદાર મજકુરની તા.૧૫–૫–૦૮ ની અપીલ અરજી નં.૩૭/૦૮–૦૯

શ્રી ડી.સી.ભટ્ટની તા.૨૭–૩–૦૮ ની અરજીથી મોજે સોનારી રે.સ.નં.૪૧ જુનાં રે.સ. નં.૩૬ વાળી જમીન પર ડીમોલીશન દુર કર્યા બાબતે મુદ્દા નં.એ થી સી ની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સાઉથઝોન (ઉધના) ના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૪૬ તા.૧૬–૪–૦૮ થી મુદ્દા નં. એ નો જવાબ પાઠવેલ તથા મુદ્દા નં.બી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૪૭ થી નગર નિયોજકશ્રીને અંશતઃ માહિતી માટે અરજીતબદીલ કરેલ જે અંગે મુદ્દા નં.બી અંગે કોઈ પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા અનુમાનિત ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૪ તા.૧૬–૫–૦૮ ના રોજ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સાઉથઝોન અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ તેમજ પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૬૮ તા.૩૦–૫–૦૮ થી જાહેર માહિતી અધિકારી સાઉથઝોન ઉધના પુનઃ પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાને ટીપીડી/આ/૧૪૪૭ તા.૨૭–૫–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર તેઓ કક્ષાએથી પત્ર નં.ટીપીડી/આ./નં.૮૭ તા.૧૧–૪–૦૮ થી શ્રી અરજદારને સૂચિત જગ્યા " સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ " ના હેતુ માટે સરકારશ્રીના તા.૨–૯–૦૪ ના જાહેરનામાનના આધારે અનામત રાખવા અંગેની માહિતી આપેલ છે. જયારે તેઓ તરફથી મુદ્દા નં.બી અને સી માટે અરજી પરત કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને તેઓના પત્ર નં.ટીપીડી/૬૫ તા.૨–૪–૦૮ થી તબદીલ કરેલ. જેના અનુસંધાને સા.ઝોન/ટેક./આ.નં.૨૨૦૪ તા.૫–૬–૦૮થી અરજદારને મુદ્દા નં.બી બાબતે પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. જે મુજબ જમીનનો કબ્જો મેળવવા બાબતે મ્યુ.કમિશ્નરશ્રીનો કોઈ હુકમ તેઓની કચેરી ખાતે થયેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારને બંને જાહેર માહિતી અધિકારી ધ્વારા માંગેલ માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન....જાણ તથા અમલ માટે.
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,..... જાણ તથા અમલમાટે
(૩)શ્રી ડી.સી.ભટ્ટ,પ્રમુખ દક્ષિણ ગુજરાત ,ગ્રાહક સુરક્ષા સમિતિ,